# (D - 95) શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ

શાસન-ઉદ્ધારક ગુરુ જન્મદિવસ છે આજનો રે,
જેને અંતર ઊછળ્યાં આત્મ તણાં નિધાન,
જયજયકાર જગતમાં કહાનગુરુનો ગાજતો રે. શાસન૦ ૧.

(સાખી)

ઉમરાળામાં જનમિયા ઉજમબા કૂખ નંદ,
કહાન તારું નામ છે જગતવંદ્ય અનુપ;

જયજયકાર જગતમાં થાયે તુજનો આજ,
મહિમા તુજ ગુણની હું શી કહું મુખથી સાહિબા રે. શાસન૦૨.

જ્ઞાન-ભાનુ પ્રકાશિયો, ઝળક્યો જગત મોઝાર,
સાગર અનુભવ જ્ઞાનનો રેલાવ્યો ગુરુરાજ.

વિષમકાળે વરસ્યો અમૃતનો વરસાદ,
તારી ભક્તિ તણો આહ્‌લાદ ઈચ્છે ઈન્દ્રો-પતિ રે. શાસન૦ ૩.

સીમંધર જિનરાજના નંદન રૂડા કહાન,
ઊછળ્યા સાગર શ્રુતના તુજ આતમ મોઝાર;

તારા જન્મે તો હલાવ્યું આખા હિંદને રે,
પંચમ કાળે તારો અદ્વિતીય અવતાર,
સારા ભરતે તારો મહિમા અખંડ વ્યાપી રહ્યો રે. શાસન૦ ૪.

સેવા ચરણકમળતણી ઈચ્છું નિશદિન દેવ,
તુજ ચરણ સમીપ રહી, કરીએ આત્મકલ્યાણ,
તારા ગુણતણો મહિમા છે અપરંપાર;
તારા જન્મે ગગને દેવદુંદુભિ વાગિયાં રે,
ઈંદ્રો ચંદ્રો તારા જન્મદિવસને ઊજવે રે. શાસન૦ ૫.